**એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ACPC) અને**
**એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્ષિસ (ACPDC),**
**ગુજરાત રાજ્ય**

એલ.ડી.કોલેજ ઓફ એન્જીનિયરીંગ કેમ્પસ ,નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૧૫.

# ધોરણ-૧૨ પછી ના પ્રોફેશનલ અભ્યાસક્રમો (ACPC) અને ધોરણ-૧૦ પછી ના ડિપ્લોમા અભ્યાસક્રમો (ACPDC) અંગે ની માહિતી આપતો કાર્યક્રમ પ્રવેશવર્ષ-૨૦૨૨-૨૩

ધોરણ-૧૨ પછીના પ્રોફેશનલ અભ્યાસક્રમો અને ધોરણ-૧૦ પછીના ડિપ્લોમા અભ્યાસક્રમો અંગેની માહિતી આપતો કાર્યક્રમ પ્રવેશવર્ષ-૨૦૨૨-૨૩ અન્વયે ACPC અને ACPDC દ્વારા <u>તા.૧૨/૦૬/૨૦૨૨, રવિવાર</u> ના રોજ સમગ્ર ગુજરાત રાજ્યમાં નક્કી કરેલા સ્થળો પર, વિવિધ સંસ્થાઓમાં પ્રવેશપ્રક્રિયાને લગતી તબક્કાવાર સમજૂતી, પ્રવેશ માટે જરૂરી લાયકત, વિવિધ અભ્યાસક્રમોની માહિતી, પ્રવેશ માટે જરૂરી ડૉક્યુમેન્ટની માહિતી, સ્કોલરશીપ, સંસ્થાઓની યાદી વિગેરેની માહિતી આપવા માટેનો માર્ગદર્શક કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમની તારીખ, સ્થળ, સમય ડીગ્રી અભ્યાસક્રમો માટે ACPC ની વેબસાઇટ **www.jacpcldce.ac.in** અને ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ACPDC ની વેબસાઇટ **www.acpdc.co.in** પર ઉપલબ્ધ છે. <u>ઉપરોક્ત સેમિનારમાં ACPC/ACPDCના અધિકારીઓ દ્વારા પ્રવેશને લગતી તમામ માહિતી પૂરી પાડવામાં આવનાર હોઇ</u> એનો વધુમાં વધુ વિધ્યાર્થીઓ અને તેમના વાલીઓ લાભ લે તેવી આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે. ડીગ્રી અભ્યાસક્રમો અંગેનો સેમીનાર જણાવેલ તારીખના રોજ <u>સવારે ૧૦:30 કલાકે</u> તથા ડિપ્લોમા અભ્યાસક્રમો અંગેનો સેમીનાર <u>બપોરે ૪:૦૦ કલાકે</u> કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં એક વિધ્યાર્થીની સાથે એક જ વાલી ને પ્રવેશ આપવામાં આવશે. નિયત સમય મર્યાદા કરતાં 30 મિનિટ પહેલા પહોચી, પોતાની બેઠક મેળવી લેવાની રહેશે. કાર્યક્રમમાં વહેલા તે પહેલા ના ધોરણે જ પ્રવેશ મળશે. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોરોના અંગે સરકારશ્રીના પ્રવર્તમાન માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. નીચેના QR કોડ સ્કેન કરવાથી સદર કાર્યક્રમોનું સ્થળ, સ્થળનું સરનામું અને સમયની જાણકારી મેળવી શકાશે.

You tube Live Link:

https://www.youtube.com/channel/UCou9YH-VzCz32kKUWRxyR6A

Facebook Live Link:

https://www.facebook.com/KcgGujarat/

ડીગ્રી અભ્યાસક્રમોના કાર્યક્રમોની વિગત

ડિપ્લોમા અભ્યાસક્રમોના કાર્યક્રમોની વિગત

તા. : ૧૧-૦૬-૨૦૨૨

- મેમ્બર સેક્રેટરી

**(24x7) Help Line Number: 079-26566000**